# આંક–૧ નીચે હુકમ

૧. હાલના ક્રિમીનલ કેસની ફિઝીકલ ફાઈલ લાંબા સમયથી અત્રેની કોર્ટ સમક્ષ આવેલ ન હોય ફિઝીકલ ફાઈલ શોધવા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવેલ તથા સી.આઈ.એસ. મોડયુલમાંથી ફરિયાદીનું સરનામું મેળવી નોટીસ કરવામાં આવતાં ફરિયાદી શ્રી સોલંકી બાબુભાઈ નરસિંહભાઈનું તા.૧૯/૧૧/૨૦૨૩ ના રોજ મરણ ગયેલ હોવાનું મરણ પ્રમાણપત્રના આધારે રેકર્ડ ઉપર આવેલું હોય તેમજ નિયત સમયમાં ફરિયાદીના કાયદેસરના વારસદારો તરફથી પણ હાલનો કેસ આગળ ચલાવવા બાબતે કોઈ કેસ કાર્યવાહી કરેલ ન હોય ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ પ્રમાણે ફરિયાદીના મૃત્યુ કે ગેરહાજરીના કિસ્સામાં કેસ આગળ ચાલવા પાત્ર રહેતો ન હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

(૧) ફરિયાદીના મૃત્યુ સબબ હાલનો કેસ ડિસમીસ ફોર ડીફોલ્ટની ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કેસ જો ફિઝીકલી મળી આવે તો ફરી વખત રીસ્ટોર કરવાની શરતે હાલ પુરતો સી.આઈ.એસ. મોડયુલમાંથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો કોઈ વ્યથિત વ્યકિત ધ્વારા ભવિષ્યમાં સદર કેસ અસ્તિત્વમાં છે તેમ રજુઆત કરવામાં આવે તો, તે વ્યકિત ધ્વારા સદર કેસની જરૂરી નકલો રજુ કરવાની શરતે સદરહું કેસ રીસ્ટોરની આગળની કાર્યવાહી કરવા પાત્ર રહેશે.

(૪) આ હુકમ સાથે આ કેસ અંગેની કોમ્પયુટરના સી.આઈ.એસ. મોડયુલની માહિતીના પ્રિન્ટઆઉટના કાગળો કેસ પેપેર્સ તરીકે સામેલ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૩૧ મી, માહે–મે સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૩૧/૦૫/૨૦૨૫
સ્થળ : અમદાવાદ

(અશ્વિનકુમાર પરબતભાઈ ડેર)
૨૩માં એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૨૭, અમદાવાદ શહેર
જજ કોડ નં.૦૦૯૯૯